ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૧૨.૦૪.૨૦૧૯

-----------

આજે ભારત એક છે, અખંડ છે તો તેનો શ્રેય ફક્ત અને ફક્ત શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને જાય છે.
- કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી રાજનાથસિંહજી

-----------

જો જવાહરલાલ નહેરુએ કાશ્મીરની સમસ્યાનો ઉકેલ લાવવાનો અધિકાર શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને આપ્યો હોત તો તે સમયે જ કાશ્મીરના વિષયનું સમાધાન થઈ ચૂક્યું હોત અને આ સમસ્યા આજે આપણી સૌની વચ્ચે આવીને ઊભી જ ન હોત. – શ્રી રાજનાથસિંહજી

-----------

દેશમાં જ્યારે જ્યારે કોંગ્રેસની સરકારો બની છે, ત્યારે ત્યારે મોંઘવારી વધી છે – શ્રી રાજનાથસિંહજી

-----------

૨૦૧૪ પહેલા દુનિયાના મોટા અર્થતંત્રોમાં ભારતનું સ્થાન નવમાં નંબરે હતું.
પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આટલા ટૂંકા ગાળામાં ભારતને આર્થિક ક્ષેત્રે ઘણી સિધ્ધિઓ હાંસલ કરાવીને ભારતને નવમાં સ્થાનેથી છઠ્ઠા સ્થાન સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યું છે. – શ્રી રાજનાથસિંહજી

-----------

૨૦30 સુધીમાં આપણો દેશ અમેરિકા, રશિયા, અને ચીનમાંથી કોઇ એકને પાછળ છોડીને દુનિયાના સૌથી મોટા ત્રણ અર્થતંત્રોમાં સામેલ થઇ જશે. – શ્રી રાજનાથસિંહજી

-----------

શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે સિધ્ધ કર્યું છે કે યોગ્ય શૈલીથી કામ કરવાથી દેશ આગળ વધે છે માત્ર વાતોથી નહીં.

-----------

રાફેલની નવી વ્યાખ્યા છે કે "રાફેલ... રાફેલ... એટલે રાહુલ ફેઈલ... રાહુલ ફેઈલ..." – શ્રી રાજનાથસિંહજી

-----------

ભારતનો વીર સૈનિક આતંકીઓની લાશો નથી ગણતો પરંતુ દુશ્મનને ઠાર કરીને તે આગળ વધતો જાય છે. દેશની સેનાના જવાનોના શૌર્ય, કૌશલ્ય અને પરાક્રમ પર પ્રશ્ન ઉઠાવનાર કોંગ્રેસને દેશની જનતા ક્યારેય માફ નહીં કરે.

-----------

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી "જલ, થલ અને નભ" એમ ત્રણે ક્ષેત્રમાં સૈન્યની ક્ષમતા વધારી રહ્યા છે.

ભારત હવે કમજોર દેશ નથી, દુનિયાનો શક્તિશાળી દેશ છે. – શ્રી રાજનાથસિંહજી

-----------

ભાજપા હંમેશા સૌનો સાથ સૌના વિકાસના સિદ્ધાંતને સાથે લઈને ચાલે છે. તેથી જ દેશના આર્થિક રીતે નબળા વર્ગને આરક્ષિત વર્ગોને અપાયેલી અનામતમાં ફેરફાર કર્યા સિવાય અલગથી 10% અનામત આપીને તેમની સાથે ન્યાય કર્યો છે.
– શ્રી રાજનાથસિંહજી

-----------

**ભારતીય જનતા પાર્ટી**
**ગુજરાત પ્રદેશ**
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



આજરોજ કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી રાજનાથસિંહજીએ કચ્છ લોકસભાના ગાંધીધામ ખાતે જનસભાને સંબોધન કર્યુ.

શ્રી રાજનાથસિંહે હર્ષની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, તેઓ ૨૦૧૪માં પણ કચ્છ લોકસભા વિસ્તારના ભુજ ખાતે એક જનસભા માટે આવ્યા હતા અને આજે ફરી કચ્છ આવ્યા છે તેઓ આનંદ અનુભવી રહ્યા છે. કચ્છની જનતાએ તાળીઓના ગડગડાટ - ફુલહાર તેમજ ગાંધીધામની પરંપરાગત કલાકારીથી બનેલી શાલથી સ્વાગત કર્યુ હતુ. આ પ્રસંગે શ્રી રાજનાથસિહજીએ જણાવ્યું હતું કે, ભારતની પરંપરા છે કે સ્વાગત-અભિનંદન ફક્ત એકતરફી જ ન હોઇ શકે માટે હું શીશ ઝુકાવીને આપ સૌને પ્રણામ કરું છું.

જ્યાં સુધી ગુજરાતની વાત છે તો અત્યારે માત્ર દેશની જ નહીં પરંતુ સમગ્ર વિશ્વની નજર ગુજરાત પર છે. મહાત્મા ગાંધી હોય, સ્વામી દયાનંદ સરસ્વતી હોય, શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ હોય કે શ્રી મોરારજીભાઈ દેસાઈ હોય, આપણા દેશના મોટા ભાગના મહાપુરુષોએ ગુજરાતની પવિત્ર ધરતી ઉપર જન્મ લીધો છે. ગુજરાતે પરાપૂર્વથી દેશને માર્ગદર્શન અને નેતૃત્વ પુરું પાડ્યું છે. હું જ્યારે અંતઃકરણપૂર્વક મહાપુરુષો વિશે વિચારું છું તો મને જાણવા મળે છે કે, ભારતને બનાવવામાં આ દરેકનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. આજે જ્યારે વિશ્વની સૌથી મોટી પ્રતિમા "સ્ટેચ્યુ ઓફ યુનિટી" ગુજરાતમાં બની હોય અને એ પણ દેશના લોહ પુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની હોય ત્યારે હું કહેવા માગું છું કે, ભારતની એકતા-અખંડિતતા માટે સરદાર વલ્લભભાઈ પટેલે ખૂબ જ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. આજે ભારત એક છે, અખંડ છે તો તેનો શ્રેય ફક્ત અને ફક્ત શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને જાય છે.

શ્રી રાજનાથસિંહે જણાવ્યું હતું કે, જો જવાહરલાલ નહેરુએ કાશ્મીરની સમસ્યાનો ઉકેલ લાવવાનો અધિકાર શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને આપ્યો હોત તો તે સમયે જ કાશ્મીરના વિષયનું સમાધાન થઈ ચૂક્યું હોત. આ સમસ્યા આજે આપણી સૌની વચ્ચે આવીને ઊભી જ ન હોત. કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી કહી રહ્યા છે કે, ભારતમાં બે પ્રધાનમંત્રી હોવા જોઈએ. આઝાદી મળ્યાના આટલા વર્ષો પછી પણ આવા વિવાદીત નિવેદનો આવી રહ્યા છે, આનાથી વધારે દુર્ભાગ્યપૂર્ણ બીજુ કંઇ ન હોઇ શકે. જનસંઘના સંસ્થાપક ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીએ વર્ષો પહેલા એ સમયે કહ્યું હતું કે **"ભારત એક હૈ, અખંડ હે. ભારત મે દો વિધાન, દો પ્રધાન, દો નિશાન નહિ ચલેંગે"** મંત્ર સાથે તેઓ ચાલ્યા હતા અને જીવનભર સંઘર્ષ કરી બલિદાન આપ્યું હતું.

ભારતમાં બે પ્રધાનમંત્રી હોવા જોઈએ એવી વાત કરનારા નેતાઓને ચેતવણી આપતા શ્રી રાજનાથસિંહે જણાવ્યું હતું કે, જો આવી જ વાત કરતા રહેશો તો **કલમ ૩૭૦ અને કલમ ૩૫એ** ને રદ્ કર્યા સિવાય શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર પાસે બીજો કોઈ વિકલ્પ બાકી નહીં રહે.

શ્રી રાજનાથસિંહે જણાવ્યું હતું કે, ૨૦૧૪ પહેલાં સતત ૧૦ વર્ષ સુધી કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકારમાં ફુગાવાનો દર ડબલ ડિજિટમાં રહેતો હતો. જનતા મોંઘવારીથી ત્રસ્ત હતી. દેશમાં જ્યારે જ્યારે કોંગ્રેસની સરકારો બની છે, ત્યારે ત્યારે મોંઘવારી વધી છે. પરમશ્રધ્ધેય શ્રી અટલ બિહારી બાજપાઈ અને શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારોને અભિનંદન પાઠવતાં શ્રી રાજનાથસિંહે જણાવ્યું હતું કે, અમારી ભાજપાની સરકારોમાં વિકાસ દર હંમેશા ઊંચો અને ફુગાવાનો દર હંમેશા નીચો રહ્યો છે. ગુજરાતની કૂખે જન્મેલા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરિશ્મા કર્યો છે. ૨૦૧૪ પહેલા દુનિયાના મોટા અર્થતંત્રોમાં ભારતનું સ્થાન નવમાં નંબરે હતું. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આટલા ટૂંકા ગાળામાં ભારતને આર્થિક ક્ષેત્રે ઘણી સિધ્ધિઓ હાંસલ કરાવીને ભારતને નવમાં સ્થાનેથી છઠ્ઠા સ્થાન સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યું છે. આટલા ઓછા સમયમાં આર્થિક ક્ષેત્રે આટલો વિકાસ ઈતિહાસમાં કોઈ દેશે હાંસલ કરેલો નથી. મને વિશ્વાસ છે કે, ૨૦૩૦ સુધીમાં આપણો દેશ અમેરિકા, રશિયા, અને ચાઇનામાંથી કોઇ એકને પાછળ છોડીને દુનિયાના સૌથી મોટા ત્રણ અર્થતંત્રોમાં સામેલ થઇ જશે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની એનડીએ સરકારના છેલ્લા પાંચ વર્ષમાં ભારતે દરેક ક્ષેત્રે વિકાસ કર્યો છે. સ્ટીલ પ્રોડક્શનમાં જાપાનને પાછળ મૂકી ભારત આગળ વધી ચૂક્યું છે. ઓટોમોબાઈલ ક્ષેત્રમાં તથા મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં પણ ભારત ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે. સર્વાધિક ઈન્ટરનેટ ડેટાનો ઉપયોગ સમગ્ર વિશ્વમાં સૌથી વધારે ભારતમાં થઈ રહ્યો છે. આજે ભારત સમગ્ર વિશ્વમાં સૌથી સસ્તો ઈન્ટરનેટ ડેટા આપનાર દેશ બન્યો છે.

સરકારના કામકાજ માં “સ્ટાઈલ ઓફ ફંકશનિંગ” એ ખૂબ જ મહત્વનું ફેક્ટર છે. પ્રધાનમંત્રી આવાસ યોજના કોંગ્રેસના સમયમાં પણ હતી પરંતુ ૨૦૦૮થી લઈને ૨૦૧૪ સુધીમાં ફક્ત ૨૫ લાખ આવાસો જ બનાવવામાં આવ્યા હતા. જ્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં છેલ્લા સાડાચાર વર્ષોમાં એક કરોડ ત્રીસ લાખ આવાસો પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ બનાવવામાં આવ્યા છે. ભારતમાં ૧૯૪૭ થી ૨૦૧૪ દરમિયાન સ્વચ્છતાનો દાયરો દેશના ફક્ત ૪૦ ટકા ક્ષેત્રોમાં જ હતો. અને આજે શ્રી નરેન્દ્રભાઈ મોદીના “સ્વચ્છ ભારત અભિયાન” અંતર્ગત ચાલી રહેલા સફાઈ અભિયાનને કારણે સ્વચ્છતાનો દાયરો દેશના ૯૦ ટકા ક્ષેત્ર સુધી પહોંચી ગયો છે. આઝાદીથી લઈને ૨૦૧૪ સુધીમાં દેશમાં ૧૨ કરોડ ગેસ કનેક્શન આપવામાં આવ્યા હતા. શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે છેલ્લા પાંચ વર્ષમાં જ ૧૩ કરોડ ગેસ કનેક્શન આપવાનું એક ઐતિહાસિક કાર્ય કર્યું છે અને કરોડો પરિવારના રસોડાને ધુમાડામુક્ત કરીને ભગિરથ કાર્ય કર્યુ છે. ૨૦૧૪ પહેલા ફક્ત ૬૯ ગામોમાં ઓપ્ટિકલ ફાઈબર નેટવર્ક હતું અને આજે એક લાખ સોળ હજાર ગામોમાં ઓપ્ટિકલ ફાઈબર નેટવર્ક છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે સિધ્ધ કર્યું છે કે યોગ્ય શૈલીથી કામ કરવાથી દેશ આગળ વધે છે માત્ર વાતોથી નહીં.

દેશમાં ભ્રષ્ટાચાર પર રોક લગાવવા માટે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહત્ત્વપૂર્ણ પગલાં લીધા છે. ૨૦૧૪ પહેલા દેશના લગભગ ૫૦ ટકા લોકો પાસે બેંક ખાતાની સુવિધા ન હતી. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જનધન યોજના અંતર્ગત જનતાને મફત બેન્ક ખાતા ખોલી અપાવ્યા અને તેમને મળવાપાત્ર સહાયની રકમ જેમ કે, વિધવા પેન્શન, વૃદ્ધ પેન્શન, શિષ્યવૃત્તિ, વિવિધ સબસીડીઓ, ખેડુતોને મળતા લાભ સીધેસીધા લાભાર્થીઓના બેન્ક ખાતામાં જમા કરાવીને ભ્રષ્ટાચાર દૂર કરીને લાભાર્થીને સીધો ફાયદો અપાવ્યો છે. ગરીબ લાભાર્થીના પૈસા વચેટીયા ખાઈ જતા હતા તે સમય હવે ભૂતકાળ બની ચૂક્યો છે. વર્ષોથી ચાલતી આવેલી સિસ્ટમમાં સુધારા કરી ભ્રષ્ટાચારને નાથવા માટેના પ્રભાવી કદમ શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ઉઠાવવામાં આવ્યા છે. જીએસટી પણ દેશના ઉજ્જવળ ભવિષ્ય માટે અતિ મહત્વપૂર્ણ પાસું છે. દેશના નાના મોટા વેપારીઓએ દેશના ભવિષ્ય માટે જીએસટીને સમર્થન આપ્યું તેના બદલ હું તેમનો આભારી છું. ભારતની જનતાની જેટલી પ્રસંસા કરીએ તેટલી ઓછી છે.

કોંગ્રેસ કહે છે, ભાજપાના રાજમાં વિજય માલ્યા, નીરવ મોદી, મેહુલ ચોકસી જેવા લોકો દેશના કરોડો રૂપિયા ચાંઉ કરીને વિદેશ ભાગી ગયા. કોંગ્રેસના રાજમાં આ બધા શાંતિથી જીવતા પરંતુ ભારતમાં ચોકીદાર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ભયથી ડરના માર્યા તેઓ વિદેશ ભાગ્યા છે. તે તમામને કોંગ્રેસના શાસન દરમિયાન લોન આપવામાં આવી હતી. ૧૯૪૭ થી ૨૦૦૮ સુધી દેશમાં ૧૮ લાખ કરોડની લોન આપવામાં આવી હતી જ્યારે ૨૦૦૮ થી ૨૦૧૪ સુધીના કોંગ્રેસના શાસનમાં ફક્ત છ વર્ષમાં જ ૫૨ લાખ કરોડ રૂપિયાની લોન આપવામાં આવી હતી. કોંગ્રેસના રાજમાં ભ્રષ્ટાચારીઓ એ માઝામૂકીને દેશને લૂંટયો હતો.

કોંગ્રેસ દેશના પ્રધાનમંત્રી માટે અભદ્ર એવા ચોર શબ્દનો પ્રયોગ કરીને કહે છે, કે દેશનો ચોકીદાર ચોર છે. પરંતુ દેશનો ચોકીદાર ચોર નહીં એકદમ પ્યોર છે, તેનું ફરી પીએમ બનવું શ્યોર છે, દેશની દરેક સમસ્યાનું તે ક્યોર્ છે. “દેશની જનતા શ્યોર છે કે મોદી વન્સ મોર છે”. દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી પર દેશની જનતાને અતૂટ વિશ્વાસ છે. હારના ડરથી કોંગ્રેસની મતિ મરી ગઈ છે તેથી આવા અભદ્ર શબ્દનો ઉપયોગ કોંગ્રેસ કરી રહી છે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




કોંગ્રેસ પોતાના ચૂંટણી ઢંઢેરામાં જણાવે છે કે, જો અમારી સરકાર બનશે તો રાષ્ટ્રદ્રોહનો કાયદો અમે નાબૂદ કરીશું. જે દેશને તોડવાનું કામ કરતા હોય, સામાજિક સમરસતાને હાની પહોંચાડવાનું કાર્ય કરતા હોય, દેશની એકતા અખંડિતતા પર પ્રશ્નો ઉભા કરે તેવા કાર્ય કરતા હોય, તેવા લોકોને શું માફ કરી શકાય? આવા કાયદા નાબૂદ કરવાની વાત કરીને કોંગ્રેસ દેશ વિરોધી તત્વોને મનોબળ પૂરું પાડવાનું કામ કરી રહી છે. ભાજપા તો સ્પષ્ટ છે કે આગામી સમયમાં અમે આ કાયદાને વધારે મજબૂત કરીશું.

કોંગ્રેસ પાસે કોઈ મુદ્દો નથી, તેથી રાફેલ... રાફેલ... કરીને પાયાવિહોણા આક્ષેપો કરે છે. રાફેલની નવી વ્યાખ્યા છે કે “રાફેલ... રાફેલ... એટલે રાહુલ ફેલ... રાહુલ ફેલ...”. શ્રી રાજનાથસિંહે જણાવ્યું હતું કે હું શ્રી નરેન્દ્રભાઈ મોદીને વર્ષોથી ઓળખું છું અને શ્રી નરેન્દ્ર ભાઈની નિયત અને ઈમાનદારી પર કોઈ માઈનો લાલ પ્રશ્નાર્થ કરી શકે તેમ નથી.

પુલવામામાં દુર્ભાગ્યપૂર્ણ હુમલાના ગણતરીના કલાકોમાં જ ભારતની એરફોર્સે પાકિસ્તાનમાં ઘૂસીને આતંકીઓનો સફાયો કરી દીધો. કોંગ્રેસ આવી સ્થિતિમાં પણ દેશના જવાનો ઉપર શંકા કરીને એર સ્ટ્રાઈકના સબૂતો માંગે છે અને કહે છે કે, એરસ્ટ્રાઈકમાં કેટલા આતંકીઓ માર્યા ગયા.

શ્રી રાજનાથસિંહે જણાવ્યું હતું કે, ભારતનો વીર સૈનિક આતંકીઓની લાશો નથી ગણતો પરંતુ દુશ્મનને ઠાર કરીને તે આગળ વધતો જાય છે. દેશની સેનાના જવાનોના શૌર્ય, કૌશલ્ય અને પરાક્રમ પર પ્રશ્ન ઉઠાવનાર કોંગ્રેસને દેશની જનતા ક્યારેય માફ નહીં કરે.

દેશની સુરક્ષા માટે શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકાર સંપૂર્ણપણે કટિબદ્ધ છે. હમણાં થોડા દિવસ અગાઉ જ દેશના વૈજ્ઞાનિકોએ એન્ટી સેટેલાઈટ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું. આ પરિક્ષણ કરતાની સાથે ભારતનું નામ અંતરિક્ષ મહાસત્તાઓમાં સામેલ થઈ ગયું. આ અગાઉ ફક્ત અમેરિકા, રશિયા અને ચીન જ આ પ્રકારની એન્ટી સેટેલાઈટ મિસાઈલ સફળ પરીક્ષણ કરી ચૂક્યા છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજકીય ઈચ્છાશક્તિ દાખવીને ભારતને સ્પેસપાવર બનાવવા માટે આંતરરાષ્ટ્રીય દબાણની ચિંતા કર્યા વગર એન્ટી સેટેલાઈટ મિસાઈલના પરીક્ષણ માટે પરવાનગી આપી દીધેલી, જે ભૂતકાળની સરકારો નહોતી આપી શકતી. આ એન્ટી સેટેલાઈટ મિસાઈલ માત્ર ત્રણ મિનિટમાં જ દુશ્મન સેટેલાઈટને ખત્મ કરવાની ક્ષમતા ધરાવે છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી “જલ, થલ અને નભ” એમ ત્રણે ક્ષેત્રમાં સૈન્યની ક્ષમતા વધારી રહ્યા છે. ભારત હવે કમજોર દેશ નથી, દુનિયાનો શક્તિશાળી દેશ છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની નોંધ લેવાઈ રહી છે. ભાજપા ફક્ત સરકાર બનાવવા માટે નહીં પણ દેશ બનાવવા માટે રાજનીતિ કરે છે.

આગામી સમયમાં ફરી એકવાર ભાજપાની સરકાર બન્યા બાદ દેશને અવિરતપણે વિકાસ ની ઉંચાઈઓ પર લઈ જવા માટે ભાજપાની સરકાર સતત કાર્યરત રહેશે. ભાજપાના સંકલ્પ પત્રમાં જણાવ્યા અનુસાર રાષ્ટ્રીય વ્યાપાર આયોગની રચના કરવામાં આવશે. જેથી વ્યાપારીઓની થતી સમસ્યાનો નિકાલ ઝડપી અને અસરકારક રીતે આવી શકશે. દેશના ખેડૂતોને એક લાખ સુધીની લોન ઉપર પાંચ વર્ષ સુધી કોઈપણ જાતનું વ્યાજ લાગશે નહીં. આ ઉપરાંત કિસાન સન્માન નિધિ યોજના હેઠળ જમીન મર્યાદા બે હેકટર થી વધારીને અન્ય ખેડૂતોને પણ આ યોજનાનો લાભ આપવામાં આવશે. ભાજપા હંમેશા સૌનો સાથ સૌના વિકાસના સિદ્ધાંતને સાથે લઈને ચાલે છે. તેથી જ દેશના આર્થિક રીતે નબળા વર્ગને આરક્ષિત વર્ગોને અપાયેલી અનામતમાં ફેરફાર કર્યા સિવાય અલગથી 10% અનામત આપીને તેમની સાથે ન્યાય કર્યો છે.

શ્રી રાજનાથ સિંહે કચ્છની લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર શ્રી વિનોદભાઈ ચાવડાને ૨૪ કેરેટ સોનાના ઉમેદવાર ગણાવીને કમળનું બટન દબાવી ભારે બહુમતીથી જીતાડવાની અપીલ કરી હતી.

આ પ્રસંગે ગુજરાત રાજ્યના મંત્રી શ્રી વાસણભાઈ આહિર, જિલ્લા પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ પૂર્વ ધારાસભ્યશ્રીઓ, પ્રદેશ અગ્રણીશ્રીઓ, નગરપાલિકાના પ્રમુખશ્રી, સામાજિક આગેવાનશ્રીઓ તથા મોટી સંખ્યામાં ભાજપાના કાર્યકર્તાઓ અને સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૧૨.૦૪.૨૦૧૯

-----------

**જાત-પાત, ધર્મના આધારે દેશને તથા રાજ્યને વિભાજીત કરવાની કોંગ્રેસની વોટબેંકની રાજનીતિને દેશની પ્રજા સુપેરે ઓળખી ચૂકી છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**આજે સમગ્ર દુનિયા ભારતને સન્માનનીય દ્રષ્ટિએ જોઇ રહી છે તે દેશની ૧૩૦ કરોડ જનતાના આશીર્વાદ અને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના પ્રમાણિક શાસન અને નિર્ણાયક નેતૃત્વને કારણે શક્ય બન્યું છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**કોંગ્રેસ અને ગઠબંધનમાં ભેગા થયેલી ટોળકીને ખબર છે કે,**
**આ ચોકીદાર વધુ પાંચ વર્ષ રહેશે તો આપણા બધાની ચોરી ખુલ્લી પડી જશે.**
**આપણે બધા જેલના સળીયા પાછળ અવશ્ય જવાના છીએ.**
**તેથી આ ઠગબંધન ભેગું થઇને ગોકીરો મચાવી રહ્યું છે, મોદી હટાવો...મોદી હટાવો...**
**- શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**કોંગ્રેસના રાજમાં ભ્રષ્ટાચાર, માફીયાગીરી અને લુંટ થતી હતી ત્યારે ભાજપાના શાસનમાં પાઈપાઈનો હિસાબ અમે જનતા સમક્ષ પહોચાડીએ છીએ - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**દેશના લોકો તેમજ દેશનું ભલું કરવા માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વોટબેંકની ચિંતા કર્યા વગર કઠોર નિર્ણયો લીધા છે**
**- શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ આજરોજ અમરેલી લોકસભાની જાફરાબાદ વિધાનસભા વિસ્તાર ખાતે યોજાયેલ જનસભાને સંબોધતાં જણાવ્યું હતું કે, આ ચૂંટણી રાષ્ટ્રના નેતૃત્વની પસંદગી માટેની હોઇ, આ ચૂંટણીનું પોતાનું આગવું મહત્વ છે. મ્યુનિસિપાલિટી કે પંચાયતની ચૂંટણીઓમાં સ્થાનિક મુદ્દાઓ હોય છે જેવા કે ગટર-પાણી-વિજળી. રાજ્યની ચૂંટણીમાં વિસ્તારના વિકાસની ચર્ચા હોય છે, જ્યારે લોકસભાની ચૂંટણીમાં દેશના પ્રશ્નોની ચર્ચા હોય છે, દેશ કોના હાથમાં સલામત છે તેની ખાસ ચર્ચા થતી હોય છે. ભારત દેશ આપણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના હાથમાં સલામત, સમૃધ્ધ અને સક્ષમ છે. ભાજપા ભારત દેશને દુનિયાના સૌથી શક્તિશાળી અને આર્થિક રીતે સંપન્ન દેશ બનાવવાનું સ્વપ્ન લઇને ચાલી રહી છે.

શ્રી રૂપાણીએ જણાવ્યુ હતુ કે, જમ્મુ કાશ્મીરમાં તથા ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસનો હાથ પકડનારા ડૂબ્યાં જ છે. ઉરીની ઘટના પછી સર્જીકલ સ્ટ્રાઇક દ્વારા પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપીને ભારતે પોતાનું સામર્થ્ય પૂરવાર કર્યું છે. જાત-પાત-ધર્મના આધારે દેશને તથા રાજ્યને વિભાજીત કરવાની કોંગ્રેસની વોટબેંકની રાજનીતિને દેશની પ્રજા સુપેરે ઓળખી ચૂકી છે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




કોંગ્રેસ અને ગઠબંધનમાં ભેગા થયેલી ટોળકીને ખબર છે કે, આ ચોકીદાર વધુ પાંચ વર્ષ રહેશે તો આપણા બધાની ચોરી ખુલ્લી પડી જશે. આપણે બધા જેલના સળીયા પાછળ અવશ્ય જવાના છીએ. તેથી બધા ભેગા થઇને ગોકીરો મચાવી રહ્યા છે, મોદી હટાવો...મોદી હટાવો...

જે પાર્ટીના ઘરમાં લોકશાહી ન હોય તે દેશમાં લોકશાહીનો સ્વીકાર કેવી રીતે કરી શકે? તે જણાવી સરદાર સાહેબ વિશે વાત કરતાં શ્રી રૂપાણીએ જણાવ્યું હતુ કે, રાજ્યોની કોંગ્રેસ કમિટિએ કે જેમાં કોંગ્રેસના મોટા ખમતીધર નેતાઓ હતા તેમણે સરદાર પટેલને વડાપ્રધાન બનાવવા માટે પોતાના મત આપ્યા હતા જ્યારે પંડિત નેહરૂને આંગળીને વેઢે ગણાય તેટલા જ મત મળ્યા હતા છતાં કારસો રચીને સરદાર પટેલને અન્યાય કરીને વડાપ્રધાન બનવાથી રોકી દીધા હતા. તે સમયે જો સરદાર પટેલ વડાપ્રધાન બન્યા હોત તો કાશ્મીરની સમસ્યા આજે સળગતી ન હોત.

ભાજપાની સરકારે દેશના દરેક નાગરિકો બુનિયાદી જરૂરિયાતોથી વંચિત ન રહે તેને હંમેશા પ્રાધાન્ય આપ્યુ છે. સામાન્ય નાગરિકોની ચિંતા કરતી આ ભાજપા સરકારે સાથે સાથે મુળભૂત સૂવિધાઓ અને પ્રજાના સ્વસ્થ્યની દરકાર રાખીને અભૂતપૂર્વ ગતિથી કામગીરી કરી છે. ભાજપાની સરકારનો એકમાત્ર ધ્યેય છે કે એક નવા ભારતનું નિર્માણ કે જેના પ્રત્યેક નાગરિકોને મૂળભુત સુવિધાઓ ઉપલબ્ધ હોય, દરેક નાગરિક શિક્ષિત અને સુરક્ષિત હોય, વૈશ્વિક કક્ષાએ બદલાતા પ્રવાહો સાથે કદમ મિલાવવા સુસજ્જ હોય.

આ પ્રસંગે શ્રી રૂપાણીએ અંતમાં આહ્વાન કર્યુ હતું કે, ગુજરાત રાજ્યમાં ૨૩ એપ્રિલના રોજ લોકશાહીનું પવિત્ર પર્વ યોજાવાનું છે, ત્યારે સૌ મતદારો આ પર્વને ધામધૂમથી ઉજવીને વિકાસની રાજનીતિને પ્રચંડ પ્રતિસાદ આપી વિજયી બનાવશે.

આ જનસભામાં અમરેલી લોકસભાના ભાજપાના ઉમેદવાર શ્રી નારણભાઇ કાછડીયા, પૂર્વ મંત્રી અને અમરેલી લોકસભા પ્રભારીશ્રી જયંતિભાઇ કવાડીયા, પૂર્વ ધારાસભ્ય શ્રી હિરાભાઇ સોલંકી, પૂર્વ મંત્રી શ્રી વી.વી.વઘાસીયા, ભાજપા જીલ્લા પ્રમુખ શ્રી હિરેનભાઇ હિરપરા, રાજુલા-જાફરાબાદના માર્કેટીંગ યાર્ડ અને વ્યાપારી એસોસીયેશનના હોદ્દેદારો, વિવિધ સમાજના આગેવાનો, તાલુકા-જીલ્લા પંચાયતના ભાજપાના આગેવાનો-સભ્યો, સ્થાનિક આગેવાનો અને વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ અને સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા. ૧૨.૦૪.૨૦૧૯

**માતાજીના ચરણસ્પર્શ કેવી રીતે કરવા ? આરતી કેવી રીતે ઉતારવી ?
તે પણ કોંગ્રેસ અધ્યક્ષ શ્રી રાહુલ ગાંધીને આવડતું નથી - શ્રી જીતુભાઇ વાઘાણી**

---------

**મત લેવા માટે મંદિર-મંદિર ફરવાનું પરંતુ રામ મંદિરની લડાઈમાં સુપ્રીમ કોર્ટમાં તેના નિર્માણમાં રોડા નાખવાના
આ જ કોંગ્રેસની વાસ્તવિકતા છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-------

**કોંગ્રેસની માનસિકતા “મુખ મેં રામ, બગલ મેં છુરી” જેવી છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-------

**ભાજપાના શાસનમાં બેચરાજી નંદનવન બનવા જઈ રહ્યું છે, બેચરાજી વિકાસની નવી ક્ષિતિજો હાંસલ કરી રહ્યું છે. માનવીના જીવનધોરણનું સ્તર ઉપર ઉઠી રહ્યું છે ત્યારે કોંગ્રેસે હંમેશા સારા કાર્યોમાં નડવાનું અને રોડા નાખવાનું એક માત્ર કાર્ય કરે છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

---------

**જવાહરલાલ નહેરુની નીતિવિહોણી રાજનીતિના કારણે કાશ્મીરની સમસ્યા ઉદ્‌ભવી અને કાશ્મીરના પ્રશ્નને કારણે જ દેશને આતંકવાદનો ભોગ બનવું પડે છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-------

**ભાજપા એક માત્ર એવી પાર્ટી છે કે જેમાં રહીને નાનામાં નાનો કાર્યકર્તા પણ દેશનો વડાપ્રધાન કે પક્ષનો રાષ્ટ્રીય અધ્યક્ષ બની શકે છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

---------

ભાજપાના પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણીએ આજરોજ મહેસાણા જિલ્લાના બેચરાજી ખાતે લોકસભા બેઠકના ઉમેદવાર શ્રીમતી શારદાબેન પટેલના સમર્થનમાં આયોજિત એક વિશાળ જનસભામાં ઉપસ્થિત રહીને સંબોધન કર્યું હતું.

આ જંગી સભાને સંબોધતા શ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યું હતું કે, બેચરાજીની પવિત્ર ધરતી પર બહુચરમાતા સાક્ષાત્ બીરાજમાન છે. માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી પણ માં ભગવતીના ઉપાસક છે, માં ભારતીના આશીર્વાદથી જ આજે આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સમગ્ર ભારતનું નેતૃત્વ કરી રહ્યા છે.

ઉત્તર ગુજરાતમાં હંમેશાથી ભાજપનો દબદબો રહ્યો છે અને એમાંય મહેસાણા તો આપણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની જન્મભૂમિ છે. આપણે સૌએ ગર્વ લેવો જોઈએ કે, આજે મહેસાણાના પનોતાપુત્ર સમગ્ર દેશની ધૂરા સંભાળી રહ્યા છે અને આગળ પણ સંભાળતા રહેશે.

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીને માતાજીના ચરણસ્પર્શ કેવી રીતે કરવા? આરતી કેવી રીતે ઉતારવી? તે પણ આવડતું નથી. ભારતીય સંસ્કૃતિનો જેમને કોઇ ખ્યાલ જ નથી તેવા રાહુલ ગાંધી અને તેમનો પરિવાર આજે ચૂંટણીના સમયે મંદિર-મંદિર ફરીને હિન્દુ સમાજના મત લેવા માટે નીકળ્યાં છે. આ એ જ રાહુલ ગાંધી છે જે સોમનાથમાં દર્શનાર્થે ગયા હતા અને ત્યાંની વિઝીટર બુકમાં રિલીજીયનના ખાનામાં તેમણે કાંઈ લખ્યું જ નથી અને આજે મંદિર-મંદિર ફરીને તેઓ હિન્દુ સમાજને લલચાવી ફોસલાવીને હિન્દુત્વના નામે મત માંગવા નીકળ્યા છે. ચૂંટણી આવે એટલે હિંદુઓ અને મંદિરો યાદ આવે, ચૂંટણી જાય એટલે હિન્દુ ક્યારેય યાદ ન આવે આવી માનસિકતા ધરાવતા લોકો આજે દેશના પ્રધાનમંત્રી બનવા માંગે છે. મત લેવા માટે મંદિર-મંદિર ફરવાનું પરંતુ રામ મંદિરની લડાઈમાં સુપ્રીમ કોર્ટમાં તેના નિર્માણમાં રોડા નાખવાના, આ જ કોંગ્રેસની વાસ્તવિકતા છે. કોંગ્રેસની માનસિકતા “મુખ મેં રામ, બગલ મેં છુરી” જેવી છે. આ લોકસભાની ચૂંટણીમાં કમળને મત આપીને આવા નેતાઓને પરાસ્ત કરવાના છે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




કોંગ્રેસના નેતાઓને પ્રશ્નો પૂછતા શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં જ્ઞાતિ-જાતિમાં ઝઘડા કરાવીને ગુજરાતની શાંતિ ડહોળવાનો પ્રયાસ કર્યો હતો. કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ ગુજરાતમાં જાહેર સભાઓ અને પ્રેસ કોન્ફરન્સ કરીને ગુજરાતની ભોળી પ્રજાને ખોટા અને પુરા ન કરી શકે તેવા ખોટા વાયદાઓ કરીને મત મેળવવાનો કારસો રચતા હતાં, પરંતુ ગુજરાતની જનતાએ કોંગ્રેસને પોતાનું સ્થાન બતાવી દીધું હતું અને ભાજપાની સરકાર બનાવી હતી. ભાજપાના શાસનમાં બેચરાજી નંદનવન બનવા જઈ રહ્યું છે. બેચરાજી વિકાસની નવી ક્ષિતિજો હાંસલ કરી રહ્યું છે. માનવીના જીવનધોરણનું સ્તર ઉપર ઉઠી રહ્યું છે ત્યારે કોંગ્રેસે હંમેશા સારા કાર્યોમાં નડવાનું અને રોડા નાખવાનું એક માત્ર કાર્ય કરે છે.

ચૂંટણી સામે આવીને ઉભી છે ત્યારે કોંગ્રેસ પાસે કોઈ મુદા જ નથી. જ્યારે બીજી તરફ ભાજપના કાર્યકર્તાઓ મહિનાઓ અગાઉથી શ્રી નરેન્દ્રભાઈ મોદીની કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકારે કરેલા જનહિતના કાર્યોને વિવિધ કાર્યક્રમો દ્વારા જનતા સમક્ષ ઉજાગર કરવામાં કાર્યરત છે.

જવાહરલાલ નહેરુની નીતિવિહોણી રાજનીતિના કારણે કાશ્મીરની સમસ્યા ઉદભવી અને કાશ્મીરના પ્રશ્નને કારણે જ દેશને આતંકવાદનો ભોગ બનવું પડે છે. આતંકવાદ એ કોંગ્રેસનું પાપ છે. કોંગ્રેસના આ પાપના કારણે દેશના શૌર્યથી ભરપુર સૈનિકોએ અને નિર્દોષ નાગરિકોએ પોતાના જીવ ગુમાવવા પડે છે. આ દેશની જનતા કોંગ્રેસને ક્યારેય માફ નહીં કરે. એક તરફ સેવા અને પરોપકારની ભાવના સાથે જેમણે પોતાનું જીવન ખપાવી નાખ્યું તેવા શારદાબહેન અને તેમનો પરિવાર છે. જ્યારે બીજી તરફ પ્રમાણિક હોવાનો ડોળ કરીને નીકળેલા ભ્રષ્ટાચારથી ખદબદતાં લોકો છે.

કોંગ્રેસમાં એક જ પરિવારનું રાજ ચાલે છે. બધા જ જાણે છે કે નેહરુ પછી ઈન્દિરા આવ્યા, ઈન્દિરા પછી રાજીવ આવ્યા, રાજીવ પછી સોનિયા આવ્યા ને પછી રાહુલ આવ્યા અને હવે પ્રિયંકા પણ રાજનીતિમાં સામેલ થયાં છે, ત્યારે શું કોઈ કહી શકશે કે શ્રી નરેન્દ્રભાઈ મોદી પછી દેશના વડાપ્રધાન કોણ બનશે? શ્રી અમિતભાઈ શાહ પછી ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ કોણ બનશે? ભાજપા એક માત્ર એવી પાર્ટી છે કે જેમાં રહીને નાનામાં નાનો કાર્યકર્તા પણ દેશનો વડાપ્રધાન કે પક્ષનો રાષ્ટ્રીય અધ્યક્ષ બની શકે છે.

એક સમયે ભાજપાની સમગ્ર દેશમાં માત્ર બે જ સીટો હતી તેમાંથી એક સીટ મહેસાણાની હતી. આ વાતને યાદ કરતાં શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, માં ભારતીને પરમવૈભવના શિખર પર પહોંચાડવા ન જ્ઞાતિવાદ, ન જાતિવાદ, ન પ્રાંતવાદ, ન સંપ્રદાયવાદ ફક્ત વિકાસવાદ અને રાષ્ટ્રવાદની વાત કરતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીને ફરીથી પ્રધાનમંત્રી બનવવા અનિવાર્ય છે.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતની જનતા તમામ ૨૬ લોકસભાની બેઠકો પર ભાજપનું કમળ ખિલવીને તમામ ૨૬ કમળ શ્રી નરેન્દ્રભાઈ મોદીને દિલ્હી મોકલશે તે નિશ્ચિત છે.

આ જનસભામાં મહેસાણાનાં સાંસદ શ્રીમતી જયશ્રીબેન પટેલ, પૂર્વ ગૃહ રાજ્યમંત્રીશ્રી રજનીભાઈ પટેલ, ધારાસભ્યશ્રીઓ, પ્રદેશ અગ્રણીશ્રીઓ, મહેસાણા જિલ્લા પ્રભારીશ્રી જગદીશભાઈ, મહેસાણા જિલ્લા પ્રમુખ શ્રી નીતિનભાઈ પટેલ તથા મહેસાણા જીલ્લાના આગેવાનો, કાર્યકર્તાઓ તથા વિશાળ સંખ્યામાં સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સામાજિક અગ્રણી કિરીટભાઈ પટેલ, આમ આદમી પાર્ટીમાંથી રાજેશભાઈ પટેલ, તેમજ મોટી સંખ્યામાં માલધારી સમાજ, ચૌધરી સમાજ અને ઠાકોર સમાજના અગ્રણીશ્રીઓનેશ્રી જીતુભાઈ વાઘાણીએ ભાજપાનો ખેસ પહેરાવી ભાજપામાં આવકાર્યા હતા.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ